ગાંધીનગર સમાચાર
તા. ૨૩-૧૧-૨૦૧૪, રવિવાર

તંત્રી સ્થાનેથી....

સર્વ સમાવેશી અભિગમ છતાં અસંતોષ

ગુજરાતના આનંદીબેન પટેલ મંત્રીમંડળમાં પાંચ સંસદીય સચિવો અને ચાર મંત્રીશ્રીઓના ઉમેરણથી મંત્રીમંડળ સર્વ સમાવેશી બન્યું છે. નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાતના મુખ્યમંત્રીપદનો તાજ કર્મઠ મહિલા મંત્રીશ્રીના શિરે મૂકી ગુજરાતની મહિલા શક્તિનું ગૌરવ કરવાની સાથે જ પાવરફુલ પટેલ લોબીને સાચવી લેવાની નેમ રાખી હતી. ઉત્તર ગુજરાતના જ બે પ્રબળ પટેલ પ્રતિસ્પર્ધીઓ પૈકી આનંદીબેનની પસંદગી એક દૂરંદેશીભર્યું પગલું હતું. પરંતુ એક વાર નરેન્દ્રભાઇ ગુજરાત બહાર જશે કે તરત સત્તાધારી ભાજપમાં બખેડો ઊભો થઇ જશે, એવી દહેશત મહદંશે ડામી શકાઇ હોય તો એમાં નરેન્દ્રભાઇની ધાક અને આનંદીબેનની કુનેહ-બેઉનો ફાળો છે. મંત્રી મંડળના વિસ્તરણ અને બોર્ડ-નિગમોમાં નિમણૂકો આપીને કાર્યકરોને સંતોષવામાં આનંદીબેન તથા પાર્ટીના સંવાહકોને મહદંશે સફળતા સાંપડી છે. નાના, ઓછા મહત્ત્વનાં બોર્ડ નિગમોમાં નિમણૂકોનો દોર શરૂ કર્યા પછી વધુ બજેટવાળાં મહત્ત્વપૂર્ણ બોર્ડ નિગમોનાં ધારાસભ્યો તેમજ સિનિયર કાર્યકરોને સમાવવાની વ્યૂહરચના પણ કાર્યકરોને શાંત પાડવામાં ઉપયોગી સાબિત થઇ છે. મોદી વડાપ્રધાન બન્યા પછી ગુજરાતનું રાજ રિમોટ કંટ્રોલથી ચલાવશે, એવી માન્યતા સામે આનંદીબેન પટેલે શરૂથી જ મોદી કરતાં પણ વધુ સક્રિયતા દાખવી નવો ચીલો ચાતરવા પ્રયાસ કર્યો છે. એમણે 'આપણું ગુજરાત - આગવું ગુજરાત' અને 'વાઇબ્રન્ટ ગુજરાત'ની લગોલગ 'ગતિશીલ ગુજરાત'નું સૂત્ર આપી પોતાની ગતિશીલ છબીનો પરચો બતાવ્યો છે. મુખ્ય સચિવ તરીકે પણ ગતિશીલ અને પરિણામલક્ષી પાંડિયનની નિમણૂક એ મુખ્યમંત્રીના વિશેષાધિકારનો ઉત્તમ દાખલો છે. સંસદીય સચિવો તરીકે બંક્ષીપંચની જ્ઞાતિઓના ધારાસભ્યો પર પસંદગી ઉતારી ત્યારે વાસણ આહિર જેવા પૂર્વમંત્રીને એક પગથિયું નીચે ઊતરવું પડ્યું એથી તથા મંત્રીમંડળના વિસ્તરણમાં કેબિનેટ મંત્રી નહીં બનાવવા બદલ કોળી નેતા પરસોત્તમ સોલંકીને અસંતોષની લાગણી થઇ છે. આ અંસતોષ પાર્ટીની શિસ્તનો હવાલો આપી ડામી દેવાશે પરંતુ પરસોત્તમ સોલંકી અને વાસણ આહિર જેવા પાર્ટીને પ્રજાના છેક નીચલા થર સુધી પહોંચાડવા માટે પરસેવો પાડનાર સંનિષ્ઠ અગ્રણીઓને સાથે રાખવા અન્ય ઉપાયો પણ કરવા પડશે. પરસોત્તમ સોલંકી વિવાદાસ્પદ નેતા છે પરંતુ કોળી સમાજ પર એમનું ભારે વર્ચસ્વ હોવાથી એમને નારાજ કરવાનું પાર્ટીને પોસાય એમ નથી. વિજય રૂપાણીની કક્ષા મુજબ એમને કેબિનેટ કક્ષાના મંત્રી તરીકે સમાવાયા છે અને મંગુભાઇ પટેલને ફરી એકવાર આદિજાતિ અને વન વિકાસનું જૂનું ખાતું સોંપાયું છે. વરિષ્ઠ મંત્રીઓ પાસેથી વધારાનાં ખાતાનો હવાલો સેરવી લઇ નવા મંત્રીઓને વહેંચી દેવાયો છે. જસા બારડ જેવા કારડિયા સમાજના જૂના જોગીના સમાવેશથી પાર્ટીનો દરિયાની પટ્ટીવાળા વિસ્તારમાં બેઝ મજબૂત બન્યો છે. એ જ રીતે કેન્દ્રીય કેબિનેટના વિસ્તરણમાં બનાસકાંઠાના સાંસદ હરિભાઇ ચૌધરી અને રાજકોટના સાંસદ મોહનભાઇ કુંડારિયાનો સમાવેશ કરી કડવા પટેલ અને આંજણા પટેલની વોટબેંક સાચવવાની મથામણ થઇ છે. વડાપ્રધાન મોદી દિલ્હીમાં બેઠાં બેઠાં ગુજરાતનાં મહિલા મુખ્યમંત્રીના યોગક્ષેમની બરાબર રખેવાળી કરી રહ્યા છે, તે જ દર્શાવે છે કે આનંદીબેનના નેતૃત્વ હેઠળ ગુજરાત હરણફાળ ભરશે અને રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય નકશામાં મોદી શાસન દરમિયાન મેળવેલું સ્થાન જાળવી રાખશે.

શ્રી જે.બી. પ્રાથમિક શાળામાં ભવ્ય કલાપ્રદર્શન યોજાયું

ગાંધીનગર, તા. ૨૨

શાળાના બાળકોમાં અન્ય કલા પ્રવૃત્તિમાં રસ લેતા થાય તે માટે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ (કડી) સંચાલિત શ્રી જે.બી. પ્રાથમિક શાળામાં શિક્ષકોના માર્ગદર્શનથી વિદ્યાર્થીઓએ તૈયાર કરેલ ચિત્રો, ક્રાફ્ટ તેમજ વિજ્ઞાન-કલાના સમન્વય વાળા નમૂનાઓનું ભવ્ય પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. જેમાં શાળાના ૧૨૦૦ વિદ્યાર્થીઓની કૃતિઓ રજુ કરાઈ હતી.

પ્રદર્શનમાં સંસ્થાના ચેરમેન વલ્લભભાઈ પટેલ તથા એજ્યુકેશન વિભાગના ડીન શ્રીમતી ડો. વીણાબેન પટેલ તથા ગુજરાત રાજ્ય સરકાર માહિતી ખાતાના નિવૃત્ત અધિકારી પંડિત હિમાંશુભાઈ તથા વિવિધ સંસ્થાના આચાર્યશ્રીઓની ઉપસ્થિતિમાં પ્રદર્શનને ખુલ્લું મુક્યું હતું. વિદ્યાર્થીઓના ઉત્સાહમાં વધારો કરી અભિનંદન પાઠવ્યા હતા. શાળાના આ પ્રદર્શનને સર્વ વિદ્યાલય કેમ્પસની જે.બી. પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ તથા વાલીઓએ પણ આ પ્રદર્શન નિહાળ્યું હતું. કલાના જુદા જુદા નમુના નિહાળી ધન્યતા અનુભવી હતી. શાળાના આચાર્યા શ્રીમતી નિવાબેન બી. પટેલે શાળાના કાર્યક્રમને સફળ બનાવવામાં સહભાગી શિક્ષકો અને વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

વાવોલના વિદ્યાર્થીઓનો પ્રોજેકટ રાજયકક્ષાની સ્પર્ધા માટે પસંદગી પામ્યો

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર તાલુકાના વાવોલની એમ.બી. પટેલ સાર્વજનિક વિદ્યાલયના વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલો પ્રોજેકટ રાજય કક્ષાની સ્પર્ધા માટે પસંદગી પામ્યો છે. આ પ્રોજેકટ શાળામાં ધોરણ-૯માં અભ્યાસ કરતા વિદ્યાર્થી દિપક રાવળ અને તેની ટીમ દ્વારા તૈયાર કરવામાં આવ્યો હતો. શાળાના વિજ્ઞાન શિક્ષક તથા આચાર્યના માર્ગદર્શન હેઠળ આ વિદ્યાર્થીઓએ 'ગાંધીનગર જિલ્લામાં પગપાળા યાત્રા સંઘ દ્વારા થતી ગંદકીનો અભ્યાસ' વિષય પર પ્રોજેકટ તૈયાર કર્યો હતો. આ પ્રોજેકટ જિલ્લા કક્ષાએ રજૂ કરાયો હતો અને તેમાં પસંદગી પામતા હવે તેની રાજય કક્ષાની સ્પર્ધા માટે પસંદગી કરવામાં આવી છે જે વાવોલ ગામ તથા એમ.બી. પટેલ સાર્વજનિક વિદ્યાલય માટે ગૌરવની વાત છે.

આર.જી. પટેલ શાળામાં કલા પ્રદર્શન યોજાયું

વિદ્યાર્થીઓમાં રહેલી કલા વિકસે તે માટે શ્રીમતી આર.જી. પટેલ કન્યા માધ્યમિક શાળા અને શ્રીમતી એસ.બી. પટેલ ઉચ્ચતર માધ્યમિક શાળામાં કલા પ્રદર્શન યોજવામાં આવ્યું હતું.

સેકટર-૨ ઉમાં આવેલી આર.જી. કન્યા શાળાની ધોરણ-૯ અને ૧૧ની વિદ્યાર્થીનીઓએ પોતાનામાં રહેલી કલાને વર્ગખંડોને શણગારી બતાવી હતી. વિવિધ થીમ પર વર્ગખંડોને સજાવવામાં આવ્યા હતા જેમાં પ્રોજેકટ પ્રદર્શન, રંગોળી પ્રદર્શનકર્યું હતું તેમજ એક રૂમમાં આબેહુબ ગામડાનું નિર્માણ કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં કડી વિદ્યાલયના ચેરમેન સરદારભાઈ પટેલ, ડૉ. સોમભાઈ પટેલ, ડૉ. વિણાબેન પટેલ તેમજ કોલવડા શાળાના પૂર્વ આચાર્ય રામભાઈ દેસાઈ, ઉમા કોમર્સ કોલેજ પરિવાર, શાળા પરિવારે ઉપસ્થિત રહી પ્રદર્શન નિહાળ્યું હતું.

વેસ્ટેક આંતરરાષ્ટ્રીય સમિટમાં વિવિધ ૧૧ ટેકનિકલ સત્રોનું આયોજન

સમિટમાં 'સ્વચ્છ ભારત' માટે લોકોનો સહી ઝૂંબેશ દ્વારા સંકલ્પ

ગાંધીનગર, તા.૨૧

ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે શરૂ થયેલી ત્રિદિવસીય વેસ્ટેક આંતરરાષ્ટ્રીય સમિટ અને એક્સ્પોમાં પર્યાવરણના જુદા જુદા વિષયને આવરી લેતા વિવિધ ૧૧ ટેકનિકલ સત્રોનું આયોજન કરાયું છે. વેસ્ટેક સમિટમાં વડાપ્રધાન પ્રેરિત સ્વચ્છ ભારત અભિયાનને વધુ બળ આપવા માટે જી.પી.સી.બી. દ્વારા મુકાયેલા સહી ઝૂંબેશ સંકલ્પપત્ર ઉપર મુખ્યમંત્રી આનંદીબહેન પટેલ સહિત સમિટમાં ઉપસ્થિત દેશ-વિદેશના ડેલિગેટ્સે સહી કરી સ્વચ્છ ભારતના સંકલ્પ લીધા હતા. આ સહી ઝૂંબેશમાં ઉપસ્થિત સૌએ સ્વચ્છતાના સંકલ્પ લીધા હતા.

વેસ્ટેક સમિટના પ્રથમ દિવસે વેસ્ટ અને રીસોર્સ મેનેજમેન્ટ ચેઇન્જીંગ પેરેડાઇમ્સ, ઇન્ટિગ્રેટેડ વોટર મેનેજમેન્ટ-કરંટ પ્રેક્ટિસીસ એન્ડ ફ્યુચર ડાયરેકશન સેકટર અને ડેવલપમેન્ટ પાર્ટનર પર્સપ્રેક્ટિવસ ઓન ઇસ્યુઝ ઇન ઇન્ડસ્ટ્રીયલ વેસ્ટ વોટર એન્ડ રેમિડિએશન મેનેજમેન્ટ વિષયક તજજ્ઞની ઉપસ્થિતિમાં વિવિધ ટેકનિકલ સત્રો યોજાયા હતા.

સમિટના બીજા દિવસે ઈનોવેટિવ એપ્રોચ ટુ વેસ્ટ મેનેજમેન્ટ, કોર્પોરેટ સસ્ટેનિબિલિટિ, અપરચ્યુનિટિઝ ઇન વેસ્ટ મેનેજમેન્ટ, એનવાયર્નમેન્ટ ગવર્નન્સ - રોલ ઓફ આઇ.સી.ટી. ઈ-વેસ્ટ મેનેજમેન્ટ, ફાયનાન્સીયલ એન્જિનિયરીંગ ફોર વેસ્ટ મેનેજમેન્ટ પ્રોજેક્ટ્સ-ચેલેન્જિંગ એન્ડ ઈનોવેશન્સ અને કો-પ્રોસેસીંગ ઓફ વેસ્ટ વિષયો ઉપર વિવિધ ટેકનિકલ સત્રો તજજ્ઞોની ઉપસ્થિતિમાં યોજાશે.

ઉલ્લેખનીય છે કે, ત્રિદિવસીય વેસ્ટેક સમિટમાં કચરાનો પુનઃ ઉપયોગના હેતુથી રિડ્યુસ, રિયુઝ, રિસાયકલ અને રિકવર ઉપર ખાસ ભાર મુકવામાં આવશે. વેસ્ટેક સમિટમાં મહાત્મા મંદિર ખાતે કચરાના ઉત્તમ વ્યવસ્થાપન અને ઉપયોગ માટે વિવિધ કંપનીઓ દ્વારા આધુનિક સ્તરના સાધનો સાથે એક્ઝિબિશનનું આયોજન કરવામાં આવ્યું છે.

એમ.બી. પટેલ શાળામાં કલાના ઓજસ પથરાયા

ગાંધીનગર, તા.૨૨

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ (કડી) ગાંધીનગર સંચાલિત શ્રીમતી એમ.બી. પટેલ કન્યા પ્રા. શાળામાં ધો-૩ થી ૮ની વિદ્યાર્થીનીઓ દ્વારા કલા પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું. પ્રદર્શનમાં ૧૦૦૦થી વધુ શ્રેષ્ઠ નમુના મુકવામાં આવ્યા હતા.

પ્રદર્શનનો મુખ્ય હેતુ બાળકોમાં રહેલી સુષુપ્ત શકિતઓ વિકસે તથા વેસ્ટ વસ્તુમાંથી બેસ્ટ વસ્તુઓ કેવી રીતે બનાવ શકાય તે હતો.

સંસ્થાના ચેરમેન વલ્લભભાઈ પટેલ તથા શાળાના આચાર્યા તથા ભગિની સંસ્થાઓના આચાર્યઓએ કલા પ્રદર્શન નિહાળી વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહિત કરી હતી.

હરિની દૃષ્ટિ...

બહેન, પચ્ચીસ વર્ષ પહેલા આમની સાથે લગ્ન કર્યા હતાં ત્યારે, ફેર સ્કીન, ઘાટા વાળ અને હેન્ડસમ હતાં... હવે મને શંકા જાય છે કે આ એ જ છે કે નહીં... એટલે ડી.એન.એ. ટેસ્ટ કરવા લાવી છું...!

કેલોરેક્સ પબ્લિક સ્કૂલ, ગાંધીનગરમાં આજે શનિવારે કેલફેસ્ટ, ૨૦૧૪ની ઉજવણી કરવામાં આવી હતી, જે અંતર્ગત વિવિધ સ્પર્ધાઓ જેવી કે નિબંધ લેખન, કબડ્ડી, સોલો ડોન્સ તથા સોલો સોંગ વગેરે માટેની સ્પર્ધા યોજવામાં આવી હતી. આ તમામ સ્પર્ધાઓમાં સાત શાળાઓના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

મર્કટ અને મદારીનો ખેલ !! ૨૧મી સદીમાં ૧૭મી સદી ???

રઝળપાટ
અજય ઉપાધ્યાય
akurjt@gmail.com

માલા તિલક બનાય કે, ધર્મ વિચારા નાહિં, માલા બિચારી ક્યા કરે, મૈલ રહા મનમાંહિ! (તેં માળા પહેરી, ટીલાં ટપકાં કર્યા, પણ ધર્મ કોને કહેવાય તેનો તેં વિચાર કર્યો નહિ. તારા મનમાં મેલ રઝાળો, પછી માળા બાપડી શું કરે?) આપણા પ્રાચીન સંત કબીરના આ શબ્દો છે. કબીર તો બોલી ગયા કે લખી ગયા પણ એમને ક્યાં ખબર હતી કે એમના જ અનુયાયી હોવાનો દાવો કરતા લોકો આ જ શબ્દોને ઘોળીને પી જશે. કબીર પોતે તો ધર્મના નામે ચાલતા પાખંડની બિલકુલ વિરુદ્ધમાં હતા પણ પોતાને એમનો અનુયાયી ગણાવતો રામપાલનો ૧૬ એકરનો આખો આશ્રમ જ પાખંડથી ભરપુર હતો. કાનુન અને સરકારને ચૂનોતી આપવાની લડાઈમાં રામપાલ તો જેલના સળીયાની પાછળ ધકેલાઈ ગયો છે અને જાતજાતના અને દેશદ્રોહ જેવા અતિગંભીર આરોપોનો સામનો કરી રહેલ આ ઢોંગી હવે તો કોણ જયારે ક્યારે છૂટી શકશે એ તો ખુદ કબીર પણ કહી શકે એમ નથી પણ એના આશ્રમના એક પછી એક ખુલતા રહસ્યોએ ફરી એક વાર ધર્મને નામે ચાલતા ગોરખધંધા પરથી પડદો ઉચકી દીધો છે. આ પાખંડી ૨૦૦૦ની સાલ સુધી તો સરકારી નોકરી કરતો હતો મતલબ કે પાખંડ, અધર્મ અને કબીરના નામે ભક્તોને છેતરીને એણે ફક્ત ૧૨-૧૪ વર્ષોમાં જ અંદાજે ૨૦૦ કરોડની સમ્પતિ અને સરકાર અને કાનુન સામે કાયદેસર યુદ્ધ છેડી શકે એટલું અભિમાન અને તાકાત એકઠી કરી લીધેલી. ભોગ - વિલાસ - પાખંડ અને તાકાતના મદમાં રાચતા આવા કોઈ પણ ધર્મના ગુરુઓને આટલા અભિમાની અને શકિતમાન બનાવવા પાછળ આવા પાખંડીઓની અક્કલ અને વ્યૂહરચનાની સાથે સાથે એને માનનારા કે પછી બાબા એટલે બાબા કે ગુરુ એટલે ગુરુ એવું આંધળું અનુકરણ કરનાર આપણે જ જવાબદાર છીએ.

જયારે જયારે આવા પાખંડીઓની પાપલીલા ફૂટે છે અને અચંબિત થઈ જવાય એવા દ્રશ્યો આપણે ટીવીના પડદે કે વર્તમાનપત્રોની કોલમોમાં વાંચીએ છીએ ત્યારે ત્યારે મોટાભાગના ચોખલિયાઓ અને બુદ્ધિજીવીઓની એક જ તકિયાકલમ હોય છે કે ભારતની પ્રજા ભોળી અને ગમાર છે જેમને મુર્ખ બનવા મોટાભાગે આસન છે પણ રામપાલ કે પછી આગળ આપણે કોઈ બીજા આવા જ પાખંડીઓની વાત કરશું ત્યારે એક વાતની નોંધ લેવી પડશે કે અબુધ અને ભોળા ભક્તોની સાથે સાથે આવા પાખંડીઓના શિષ્યગણમાં ડોકટરો, વકીલો, એન્જીનીયરો જેવા ભણેલા ગણેલા અને બુદ્ધિવાન કહી શકાય એવા લોકોનો સમૂહ પણ મોટી માત્રામાં હોય જ છે એ સાબિત કરે છે કે ખાલી ભોળી કે ગમાર પ્રજા જ નહિ પણ કહેવાતા અક્ક્લ્મંદોની સંખ્યા પણ આ દેશમાં એટલી જ છે કે જેઓ આગળ પાછળ કઈ જ વિચાર્યા વગર પોતાને ધર્મગુરુ ગણાવતા વ્યક્તિની આધ્યાત્મિકતા કે ધાર્મિકતાની ચકાસણી કર્યા વગર આંખો બંધ કરીને અનુકરણ કરે જ છે. દેશ પ્રગતી કરી રહ્યો છે, આપણે મંગલ પર સફળતાપુર્વક યાન મોકલી શકીએ છીએ, ભારત વિશ્વગુરુ બનવાની હોડમાં સૌથી આગળ દોડી રહ્યું છે પણ હજુયે બનતા આવા અને બીજા બનાવો એ વાત પર ધ્યાન દોરવા મજબુર કરે છે કે ૨૧મી સદીની વાતો કરનારા આપણે ભારતવાસીઓમાં હજુયે એક એવો વર્ગ છે જે જીવે છે તો ૨૧મી સદીમાં પણ વિચારે છે ૧૭મી સદી જેવું, આચરણ છે ૧૪મી સદી જેવું!!!

મૂળ વસ્તુ એ છે કે આવા અક્કલના ઓથમીરો ભાવિકો અને અનુયાયીઓ કે એમને માનતા લોકોના સમૂહના ખીલે જ કુદાકુદ કરતા હોય છે. રામપાલના સમાચારોની સાથે સાથે જ યુપીના સોરમ ગામની ખાપ પંચાયતે મહિલાઓ વિષે બહાર પાડેલો એક ફતવો પણ સમાચારોમાં હતો. છોકરીઓને જીન્સ નહિ પહેરવાના, મોબાઈલ નહિ વાપરવાનો અને ઈન્ટરનેટનો વપરાશ બંધ કરવાનું તાલીબાની ફરમાન આ સમાજના કહેવાતા ઠેકેદારોએ ફરમાવી દીધું છે. મુઝફરનગર જીલ્લાના ૪૬ ગામોને આ તઘલખી ફરમાન લાગુ પડશે. આવી ૧૪મી સદી જેવી આજ્ઞા આપનારાઓનો તર્ક પણ એટલો જ હાસ્યાસ્પદ છે. આ બુદ્ધિના બળદીયાઓનું કહેવું છે આ બધી વસ્તુઓ પશ્ચિમી સભ્યતાના પ્રતીકો છે અને એના લીધે આપણી સંસ્કૃતિ નાશ થઈ રહી છે. છે ને ૧૪મિ સદીની માનસિકતા? આવું તો પ્રાચીન ભારતમાં થતું હતું. શું આવા નમૂનાઓ ફરીથી ભારતને ૧૪ કે ૧૭મી સદીમાં લઈ જવા માંગે છે? અને આવા તઘલખી હુકમકારો કોઈ એક જ નહિ પણ બધા જ ધર્મમાં છે. ૨૦૧૩માં રાજસ્થાનના સાલમપુરની મુસ્લિમ પંચાયતે આવો જ ફતવો બહાર પાડેલો કે છોકરીઓએ મોબાઈલ રાખવો નહિ એવા હુકમની સાથે સાથે એમણે તો લગ્નપ્રસંગોમાં છોકરીઓને નાચવા પર પણ પ્રતિબંધ ઠોકી દીધેલો. અગેન ધર્મ જુદો છે પણ આવી વાડ લગાવવાનું કારણ તો સરખું જ હતું. આ ધર્મરક્ષકોનું કહેવું હતું કે મોબાઈલથી છોકરીઓ બગડે છે. આજે જયારે સંચાર માધ્યમો અને ટેકનોલોજી સમગ્ર દુનિયા પર રાજ કરી રહી છે ત્યારે આ ઉપર કક્ષા એવા ૧૭મિ સદીની માનસિકતા ધરાવતા લોકો બીજાએ કેમ જીવવું એ નક્કી કરે છે બોલો?

ખબર નહિ કેમ પણ જયારે જયારે આવા ધતીંગો કે જુનવાણી માંનસીક્તાઓના કીટાણુંઓ હુમલો કરવા વિચારે છે ત્યારે ત્યારે સૌથી પહેલો શિકાર મહિલાઓ જ બને છે. અલીગઢ મુસ્લિમ યુનીવર્સીટી દેશની એક પ્રતિષ્ઠિત અને મુસ્લીમોના ઉદાર ચહેરાને પ્રસ્તુત કરતી અગ્રગણ્ય શૈક્ષણિક સંસ્થા છે. શિક્ષણ જગતમાં એનું મુઠી ઉચેરું નામ છે પણ એના વાઈસ ચાન્સેલર મી. ઝમીરુદીનશાહને પણ એક સુંદર સવારે આવો જ તાલીબાની વિચાર આવ્યો. રીટાયર્ડ આર્મી ઓફિસર, ખુબ જ શિક્ષિત અને નસીરુદ્દીન શાહ જેવા નામાંકિત અભિનેતાના આ ભડવીર ભાઈએ યુનીવર્સીટીની મૌલાના આઝાદ લાઈબ્રેરીમાં યુનીવર્સીટીની જ મહિલા કોલેજની છોકરીઓને આવવા પર પ્રતિબંધ ફરમાવી દીધો. આ ૨૧મી સદીના શિક્ષિત ગુરુજીનું કારણ પણ જાણવા જેવું છે. ભાઈનું કહેવું છે કે છોકરીઓ લાઈબ્રેરીમાં આવે છે એને લીધે છોકરાઓ વધુ આવે છે અને લાઈબ્રેરીમાં જગ્યા રહેતી નથી. આ એક્સ ફોંજીનું માનવું છે કે છોકરીઓના આવવાથી લાઈબ્રેરીમાં આવતા છોકરાઓની સંખ્યા વધી જાય છે અને એ પણ વાંચવા નહિ પણ છોકરીઓને જોવા કે ગુસપુસ કરવા કે પછી અન્ય આવા જ બીજા કોઈ કારણોથી. છે ને પ્રગતિશીલ ભારતનો એક આ પણ જોવો ના ગમે એવો ચહેરો? આજે જયારે આપણે સ્ત્રી સમાનતાની વાતો કરી રહ્યા છીએ અને દેશની પ્રગતિમાં યુવાનોમાં વધુ ને વધુ જ્ઞાન હોવું જોઈએ, એ દુનિયાના દરેક પ્રવાહોથી વાકેફ હોવો જોઈએ એવું ગાઈ વગાડીને કહેતા હોઈએ ત્યારે આવા સો-કોલ્ડ બુદ્ધિજીવીઓના દિમાગની સદીઓ જૂની માન્યતાઓનો તમાશો પણ જોવો પડે છે. નવાઈની વાત એ છે કે પ્રિન્સિપાલે પણ શાહના આ વલણને ટેકો આપેલો. નો ડાઉટ એમનો કહેવાનો આશય કદાચ અમુક અંશે સાચો પણ હશે પણ સ્ત્રી સમાનતા અને એ પણ શિક્ષણના મંદિરમાં આવો ભેદભાવ કે આવી માનસિકતા કેમ ચાલે? જો કે ઉગ્ર વિરોધો અને સરકાર અને કોર્ટની દાખલ પછી મારા વિધાનોને ખોટી રીતે રજુ કરાયા એમ કહીને મી. શાહે આખી વાત પર પડદો પાડી દીધો પણ આખાયે બનાવમાં આટલા વિદ્વાન માણસની પછાત અને ભેદભાવવાળી માનસિકતાનો પરચો આખા દેશને થઈ જ ગયો.

રામપાલ હોય, ખાપ હોય કે શાહ જેવા કહેવાતા શિક્ષણવિદો હોય સરવાળે માનસિકતામાં બહુ કઈ ફેર નથી જ પડ્યો અને એનું કારણ છે એમને માનનારો વર્ગ, પછી ભલે ને એ વર્ગ ઓછો હોય કે વધુ. ફક્ત ૧૪ જ વર્ષ પહેલા સરકારી નોકરી કરનાર રામપાલ ક્યાંથી આવો વિશાળ અને સમૃદ્ધ વારસો ઉભો કરી શક્યો? છાસવારે દરેક ધર્મની કહેવાતી પંચાયતો કે સંસ્થાઓને મોબાઈલો બેન કરવાના કે જીન્સ નહિ પહેરવાના કે લગ્નોમાં નહિ નાચવાના તુક્કાઓ ક્યાંથી સુજે છે? રામપાલ જેવાનો જ દાખલો લઈએ તો એ પૈસાની સાથે સાથે એના અનુયાયીઓની સંખ્યા અને અનુયાયીઓની પોતાના તરફની આંધળી ભક્તિ વિષે જાણતો હતો એટલે તો એ ૧૦-૧૦ દિવસ સુધી આખાયે તંત્રને હંફાવી શક્યો. ખાલી ભોળા અને અબુધ ભક્તો પાસેથી આવા પાખંડીઓને શું મળવાનું ? મૂળ વાત એ છે કે આવા ગરીબ લાચાર અને નિસહાયને નામે આચરાતા પાખંડોને આધારે આવા બાબાઓના ભક્તગણમાં બિરાજમાન ઉચ્ચ અને શક્તિશાળી વર્ગનો સાથ આવા ઢોંગીઓના સામ્રાજયને વધુને વધુ મજબુત બનાવે છે.

મૂળ તો હજુયે સમાજના ઘણા વર્ગોની માનસિકતા નાચવાની જ રહી છે. આપણે વાંક મદારીનો કાઢીએ છીએ પણ આપણામાં મર્કટ થવાની મહેચ્છા વધુ હોય છે અને મર્કટ હશે ત્યાં રામપાલ અને એના જેવા બીજા મદારીઓની ફોજ હશે જ. રામપાલ કે એના જેવા ભૂતકાળમાં ગાજેલા ઢોંગીઓનો જેટલો વાંક છે એટલો જ વાંક આપણો પણ છે એમના ઢોંગ કે પાખંડમાં જાણ્યે અજાણ્યે સાથ આપવાનો. આ દેશમાં ધર્મ એક વ્યાપાર બની ગયો છે - લાખો અને કરોડોનો વેપાર. ધર્મગુરુઓ માફિયા બનતા જાય છે અથવા એમ કહી શકાય કે માફિયાઓ ધર્મગુરુ બની જાય છે. રામપાલનો દાખલો નજર સામે જ છે. કદાચ કોઈ માફિયા કે ગુંડા પાસે પણ નહિ હોય એવા સોલીડ શસ્ત્ર અને શક્તિનો સંગ્રહ આ બાબા પાસે હતો. રામપાલના જ હરિયાણામાં આવા જ બીજા વિવાદિત બાબા છે બાબા રામ રહીમ દાસ જેના પર પણ ખૂન જેવા સંગીન આરોપો લાગ્યા છે પણ લાખો અનુયાયી ધરાવતા બાબાના વૈભવી દમામમાં હજુ સુધી કોઈ આંચ નથી આવી તંત્ર - મંત્ર કે યેનકેન પ્રકારે ફોલોવરો વધતા જ જાય છે અને આ ફોલોવરો જ એની સાચી તાકાત હોય છે. આશ્રમો સ્થપાય છે. લોકો આવે છે, મફત રહેવા-જમવાની સુવિધાઓ અપાય છે પછી શરુ થાય છે ભક્તોની તાકાતનો ઉપયોગ કરવાના ખેલ.

હવે તો ધર્મગુરુઓ રાજકારણને પ્રભાવિત કરતા થયા છે. વિવાદિત ધર્મગુરુઓના નામની સાથેને સાથે અચૂકપણે કોઈને કોઈ રાજકીય પક્ષ કે નેતાનું નામ જોડાયેલું હોય જ છે. મતલબ કે રાજકારણ અને પાખંડકારણનો મસ્ત મૈત્રી માહોલ રચાય છે અને પછી એમાં પીસાય છે એના કહેવાતા આંધળા અનુયાયીઓ. આશારામે કરોડોની સંપતી એકઠી કરેલ, રામપાલ પાસે પણ ગાડીઓ, આશ્રમોની ભરમાર છે, બાબા રામદેવ પાસે ૧૨૦૦ કરોડની કિમતની અસ્કામતો છે અને હવે એમાં ઝેડ-પ્લસનો પણ ઉમેરો થઇ ગયો છે... ધર્મ એક બાજુ રહી જાય છે અને ગુરુને સત્તા અને સંપતિની લાલસા દિવસેને દિવસે વધતી જાય છે. રાજકારણીઓ, ધર્મગુરુઓ અને બીજનેસમેનોની ત્રિપુટી ધર્મના નામે દરેક પ્રકારના ગોરખધંધા ચાલુ કરે છે અને જયારે આ પાપનો ઘડો ફૂટે છે ત્યારે સૌથી વધુ આઘાત લાગે છે હાથ જોડીને, નતમસ્તકે એમના ચરણ સ્પર્શ કરતા અને ગુરુના નામની માળા ફેરવતા અભણ-અબુધ કે પછી શિક્ષિત અનુયાયીઓને. આ એ જ અનુયાયીઓ છે કે જેમના જોરે આવા પાખંડીઓ અઢળક સમ્પતિ અને વૈભવી જીવન જીવતા હોય છે. સરવાળે એક સામાન્ય સન્યાસી કે પાખંડી ને સડસડાટ ઉચા આસને બેસાડવાનું કામ આપણે જ કરીએ છીએ.

બધા જ ધર્મગુરુ ઓ પાખંડી હોય એવું માનવું ભૂલભરેલું છે. લગભગ દરેક ધર્મોમાં અનેકો એવા ગુરુઓ કે સાધુઓ છે જે ખરેખર સમાજ માટે કૈક કરી છૂટે છે. ધર્મના શરણે આવતા લોકોને અનુયાયી નહિ પણ એક માનવ તરીકે સ્વીકારીને એમના કલ્યાણ માટે છુટા હાથે સંપતી વાપરી જાણે છે પણ અફસોસ એ છે કે હજુયે મોટો વર્ગ ૧૭મી સદીની માનસિકતામાં જીવે છે. હજુયે સાચા-સારા કે ખોટા-ખરાબનો ભેદ આપણે પારખતાં નથી. હજુયે આપણને મંત્રેલા તાવીજો, ખીરની પ્રસાદી કે એકાંત રૂમમાં અપાતી દીક્ષા પાછળના સાચા ચહેરાઓ નથી દેખાતા કારણકે આપણી નાચવાની મહેચ્છા વધુ જોર કરતી હોય છે. જયાં સુધી આપણે આવા આંધળા નૃત્ય માટે તૈયાર રહેતા હોઈશું ત્યાં સુધી રામપાલ અને એના જેવા અનેકો મદારી બનીને હાજર જ હશે...!!!